


પ્રવેશિકા
સંક્ષિપ્ત આવૃત્તિ

ઉલ્લાસ

નવભારત સાક્ષરતા કાર્યક્રમ

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
Gujarat Council of Educational Research and Training, Gandhinagar

નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ



વાંચી–લખી શકુ છું,

હિસાબ પણ કરી લઉ છું,

શીખવાડે જો કોઇ કમ્પ્યુટર,

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

નવભારત સાક્ષરતા કાર્યક્રમ



નિશ્ચય કરીએ

હંમેશાં ભણીએ

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

આમુખ

નવભારત સાક્ષરતા કાર્યક્રમનો ઉદ્દેશ્ય 15 વર્ષ અને તેથી વધુ ઉંમરના તમામ લોકોને વાંચન અને લેખન માટેની તકો પૂરી પાડવાનો છે. જેઓ અમુક કારણોસર સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત કરી શક્યા નથી. આ સંદર્ભમાં, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ની ભલામણોને લાગુ કરવા માટે, ભારત સરકારે 1 એપ્રિલ, 2022 થી નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ (જેનું લોકપ્રિય નામ ઉલ્લાસ છે) શરૂ કર્યો છે, જેમાં તમામ પાસાઓનો સમાવેશ થાય છે. આ યોજનાનો ઉદ્દેશ મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન, મહત્વપૂર્ણ જીવન કૌશલ્યો, વ્યાવસાયિક કૌશલ્યો, પાયાનું શિક્ષણ અને નિરંતર શિક્ષનો વિકાસ છે.

નવ ભારત સાક્ષરતા કાર્યક્રમના દસ્તાવેજમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે 2011ની વસ્તી ગણતરી મુજબ દેશમાં 15 વર્ષ અને તેથી વધુ વયજૂથમાં બિન–સાક્ષરોની કુલ સંખ્યા 25.76 કરોડ (પુરુષ 9.08 કરોડ, મહિલા 16.68 કરોડ) છે. 2009–10 થી 2017–18 દરમિયાન સાક્ષર ભારત કાર્યક્રમ હેઠળ સાક્ષર તરીકે પ્રમાણિત 7.64 કરોડ વ્યક્તિઓની પ્રગતિને ધ્યાનમાં રાખતા, એવો અંદાજ છે કે હાલમાં ભારતમાં લગભગ 18.12 કરોડ પુખ્ત વયના લોકો હજુ પણ બિન–સાક્ષર છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 વર્ષ 2030 સુધીમાં 100% સાક્ષરતા હાંસલ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરે છે અને NCERT માં સાક્ષરતા માટે રાષ્ટ્રીય કેન્દ્રની સ્થાપનાની ભલામણ કરે છે. આ લક્ષ્યને હાંસલ કરવા માટે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે અનેક પ્રયાસો સતત ચાલી રહ્યા છે.

શિક્ષાર્થી તેમના જીવનના વિવિધ સંદર્ભોમાં તેમની ભાષા અથવા ભાષાઓનો મૌખિક રીતે ઉપયોગ કરે છે અને તેમના કાર્યોમાં ગાણિતિક સમજ સાથે ક્રિયાપ્રતિક્રિયા કરે છે. તેઓએ માત્ર વાંચન, લેખન અને સંખ્યાજ્ઞાન શીખવાની જરૂર છે જેથી તેઓ ગુણવત્તાયુક્ત અને ગૌરવપૂર્ણ જીવન જીવવાનો માર્ગ મોકળો કરી શકે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના આ પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને, શિક્ષણ મંત્રાલયના 'નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ' હેઠળ બિન–સાક્ષર શિક્ષાર્થીઓ માટે ઉલ્લાસ પ્રવેશિકા (સંક્ષિપ્ત સંસ્કરણ) બનાવવામાં આવી છે. આ પ્રવેશિકા ઉજાસ પ્રવેશિકા (ચાર ભાગ) નું સંક્ષિપ્ત સંસ્કરણ છે. આ પ્રવેશિકા સંક્ષિપ્ત સ્વરૂપમાં બનાવવામાં આવી છે, જેમાં ભાષા અને ગણિત બંનેનો સમાવેશ થાય છે. વિષયવસ્તુ તરીકે 7 વિષયો નક્કી કરવામાં આવ્યા છે. જે સામાન્ય રીતે આપણી આસપાસ જોવા મળે છે. આ વિષયો 'કુટુંબ અને પડોશી', 'વાતચીત', 'આપણી જીવનશૈલી', 'આપણી આસપાસ', 'ખોરાક અને આરોગ્ય', 'મતદાન' અને 'કાનૂની માહિતી' છે. શિક્ષાર્થીઓ ને વાંચન, લેખન અને સંખ્યા શીખવામાં મદદ કરવા માટે એક માર્ગદર્શિકા પણ બનાવવામાં આવી છે. આ માર્ગદર્શિકાનો ઉપયોગ સ્વયંસેવક શિક્ષકો/શિક્ષકો દ્વારા શિક્ષાર્થીઓને શીખવામાં મદદ કરવા માટે કરવામાં આવશે. પરિચય અને માર્ગદર્શિકામાં આપેલા મુદ્દા સૂચનો તરીકે છે. શિક્ષાર્થીઓના સ્તર, ક્ષમતા, જરૂરિયાતો અને સ્થાનિક પર્યાવરણને ધ્યાનમાં રાખીને આમાં જરૂરિયાત મુજબ ફેરફાર કરી શકાય છે.

પ્રવેશિકામાં સમાવિષ્ટ પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન સબંધી શિક્ષણ બિંદુઓને કેન્દ્રમાં રાખીને શિક્ષાર્થીઓ /સ્વયંસેવક શિક્ષકો માટે તમામ વિષયો માટે પ્રેક્ટિસશીટ અને ઑનલાઇન મોડ્યુલ અથવા વિડિયો પ્રોગ્રામ્સ પણ બનાવવામાં આવ્યા છે. દીક્ષા(DIKSHA) પોર્ટલ પર ઓનલાઈન મોડ્યુલ અથવા વિડિયો પ્રોગ્રામ ઉપલબ્ધ છે. તેમની મદદથી શિક્ષાર્થીઓને ભણવામાં અને ભણાવવામાં મદદ મળશે.

કાઉન્સિલ આ પરિચય (સંક્ષિપ્ત સંસ્કરણ) ની તૈયારીમાં સામેલ કાઉન્સિલના તમામ વિષય નિષ્ણાતો અને ફેકલ્ટીનો આભાર માનવા માંગે છે. સભ્યો અને પ્રોજેક્ટ કાર્યકરોની અથાક મહેનત બદલ આભાર વ્યક્ત કરે છે. અમે તે તમામ સર્જકો અને સંસ્થાઓના પણ આભારી છીએ જેમણે તેમની સામગ્રી અને સહકાર્યકરોની મદદ લેવામાં અમને ઉદારતાથી સહયોગ આપ્યો. આ પ્રવેશીકાને વધુ બહેતર બનાવવા માટે તમારા સૂચનો આવકાર્ય છે.

ફેબ્રુઆરી, 2024

પ્રકાશભાઇ ત્રિવેદી
અધ્યક્ષ
રાજય સાક્ષરતા કેન્દ્ર, ગાંધીનગર, ગુજરાત
અને
નિયામક
જીસીઈઆરટી, ગાંધીનગર, ગુજરાત

સ્વયંસેવી શિક્ષકો માટેની વાત

પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન સૌ માટે શિક્ષણ(Education for All)નો એક મહત્ત્વનો ભાગ છે. જેનો ઉદ્દેશ ૧૫ કે તેથી વધુ ઉંમરના એવા શિક્ષાર્થીઓને સાક્ષર બનાવવાના છે કે જેઓ શિક્ષિત તો છે જ પરંતુ તેઓની પાસે અક્ષરજ્ઞાન નથી અથવા તો તેઓ બિનસાક્ષર છે. *નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ* અંતર્ગત વાચન–લેખન તથા સંખ્યાજ્ઞાનનાં કૌશલ્યોને એવા શિક્ષાર્થીઓ સુધી લઈ જવાના છે કે જેઓ કોઈ કારણથી શાલેય શિક્ષણ મેળવી શક્યા નથી અથવા તે ચાલુ રાખી શક્યા નથી. આથી સંભવ છે કે સામાજિક ચેતના કેન્દ્રના અથવા તમારા સંપર્કના બિનસાક્ષર શિક્ષાર્થી વાચન–લેખનની પ્રક્રિયામાં જુદીજુદી કક્ષાએ હોય.

આપણે એ વાત યાદ રાખીશું કે આપણા શીખનારાઓ સમજદાર છે અને તેઓ પાસે દૈનિક જીવનના અનુભવો છે જેના ઉપયોગ દ્વારા તેઓ તેમના જીવનમાં વિપરીત પરિસ્થિતિઓનો સામનો કરે છે અને જે–તે પરિસ્થિતિમાં અનુકૂળ થવાની કુશળતા પણ ધરાવે છે. આમાંથી મોટાભાગના લોકો કોઈને કોઈ કામગીરી અર્થે ઘરમાં કે ઘરની બહાર જવાબદારી નિભાવતા હોય તેવું સંભવ છે. આપણો ઉદ્દેશ એ છે કે સાક્ષરતાના માધ્યમથી તેઓની વાચન–લેખન અને ગણનની સમજમાં અભિવૃદ્ધિ થાય અને તેમનું રોજિંદુ જીવન વધુ સરળ બને. જેથી તેઓ પોતાના અનુભવ અને સમજ (ક્ષમતા)ને વધારે સઘન તેમજ વિસ્તૃત કરી શકે. આમ કરવાથી તેમના આત્મવિશ્વાસમાં વધારો થશે તેવી આશા છે.

સ્વયંસેવી શિક્ષક તરીકે આપણા માટે એ જાણવું જરૂરી છે કે –

- સાક્ષર બનાવવા માટે આપણે જે શિક્ષાર્થીઓની મદદ કરવાના છીએ તે ૧૫ વર્ષ કે તેથી વધારે ઉંમરના છે. એવું પણ બની શકે કે તેમની પાસે અનુભવનો વધુ ભંડાર હોય. તેમના અનુભવનું સન્માન કરવું અપેક્ષિત છે. તેઓ તેમનાં રોજિંદા કાર્યો સારી રીતે કરી શકે છે. તેમની કાર્યદક્ષતાની પ્રશંસા કરવી અપેક્ષિત છે.
- તેઓ ત્યારે જ શીખશે કે જ્યારે તેઓને શીખવું ઉપયોગી લાગશે. શિક્ષાર્થીઓને પૂરતી તૈયારીથી શીખવીએ જેથી તેઓ જે શીખી રહ્યા છે તેનો તેઓને લાભ મળી શકે. આમ કરવાથી આપણે પણ ઘણું નવું શીખી શકીશું તેમજ આપણો આત્મવિશ્વાસ પણ વધશે. આમ, પૂરતી તૈયારી, મહેનત અને સન્માન સાથે શિક્ષાર્થીઓને શીખવીએ.
- **ઉલ્લાસ** પ્રવેશિકા ગુજરાતી ભાષા અને ગણિતનું સંકલિત સ્વરૂપ છે. જેના દરેક એકમમાં ગુજરાતી ભાષાની ક્ષમતાઓ અને ગાણિતિક ક્ષમતાઓના વિકાસ માટેનો પર્યાપ્ત અવસર આપવામાં આવ્યો છે.

- શિક્ષાર્થી ગુજરાતી ભાષા સાંભળવા અને બોલવામાં તો સક્ષમ છે પરંતુ શક્ય છે કે વાચન અને લેખનની પૂરતી તકોના અભાવને કારણે તેઓને અમુક પ્રકારની મુશ્કેલી થાય તેવું પણ બને. એવું પણ શક્ય છે કે કેટલાક શીખનારાઓને અક્ષરજ્ઞાન હોય. એ જ રીતે, શીખનાર ગણિતમાં મૌખિક ગણતરી કરવાનું કૌશલ્ય અને ગણતરીઓની અનૌપચારિક રીતો જાણતા હોય છે પરંતુ તેમને આંકડાઓની ઓળખ કરવામાં અને વિવિધ ગાણિતિક સમસ્યાઓ ઉકેલવામાં મુશ્કેલી અનુભવતા હોય.
- શિક્ષાર્થીને ચિત્ર, વાર્તા, કાવ્યો તેમજ અન્ય રોચક સામગ્રી દ્વારા ગુજરાતી ભાષાના કેટલાક અપરિચિત અક્ષરો, શબ્દો દ્વારા પાઠ્યપુસ્તકનાં વિષયવસ્તુનું વાચન–લેખન શીખવવામાં આવ્યું છે. આવી પાઠ્યસામગ્રી દ્વારા ગણિતના અંકો, ગણતરી તેમજ સમસ્યાના ઉકેલ શીખવવામાં આવેલ છે. આપણે ઇચ્છીએ તો શૈક્ષણિક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અન્ય સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરી શકીએ છીએ. ચિત્ર દ્વારા શિક્ષાર્થીઓ સાથે વાતચીત અને તેઓના અનુભવોનું આદાનપ્રદાન કરી શકીએ છીએ.
- **ઉલ્લાસ**ના પ્રથમ પાના પર ખાસ કરીને શિક્ષાર્થીઓને લખવા માટે પૂરતી જગ્યા આપવામાં આવી છે, જેથી તેઓ પોતાનું નામ, સરનામું અને સંપર્ક નંબર (મોબાઇલ નંબર) લખે. શિક્ષાર્થીઓ માટે દૈનિક જીવનમાં પોતાનું નામ અને અન્ય બાબતો લખવાનું વારંવાર થતું હોય છે. એવું પણ બની શકે છે કે તેઓ પોતાનું નામ ન લખી શકતા હોય તો આવા શિક્ષાર્થીઓને તેમનું નામ, સરનામું, ફોન નંબર વગેરે જરૂરી સૂચનાઓ લખીને બતાવવી અને જોઈને લખવામાં તેમની મદદ કરવી.
- **ઉલ્લાસ** પ્રવેશિકાના અંતે ગુજરાતી ભાષાના મૂળાક્ષરો (વર્ણમાળા) આપવામાં આવેલ છે. જેનો ઉદ્દેશ શિક્ષાર્થીઓને ગુજરાતી મૂળાક્ષરોના ક્રમનો પરિચય કરાવવાનો છે. પરંતુ શરૂઆત અર્થપૂર્ણ સામગ્રીથી જ થશે. એકવાર અક્ષરોથી પરિચિત થયા પછી મૂળાક્ષરો દ્વારા શિક્ષાર્થીઓને અક્ષરોની ક્રમશ: ઓળખ કરાવી શકાય છે. જો શિક્ષાર્થી પહેલેથી જ થોડું અક્ષરજ્ઞાનનું કૌશલ્ય ધરાવતો હોય તેમને માટે ગુજરાતી મૂળાક્ષરોનાં ચાર્ટવાળા પેઇજનો ઉપયોગ પહેલા કરી શકાય.
- ગુજરાતી મૂળાક્ષરોનો ચાર્ટ વારંવાર જોવાથી શિક્ષાર્થીઓ ઝડપથી અક્ષર ઓળખતા થશે. તેમજ તેઓ અનુમાન કરીને અક્ષરો ઓળખશે તેમજ વાચન–લેખનનું કૌશલ્ય પ્રાપ્ત કરશે.
- ગુજરાતી ભાષાના અક્ષરોની ઓળખ માટે ભાષાની રમતોનું આયોજન કરી શકાય. જેમ કે ગુજરાતી મૂળાક્ષરોમાં આપવામાં આવેલ કોઈ એક અક્ષરથી શરૂ થતા શબ્દો બોલવા, એકથી વધુ અક્ષર/માત્રાનો ઉપયોગ કરીને શબ્દો બનાવવા અને વાંચવા, એકથી વધુ અક્ષર/માત્રાનો ઉપયોગ કરીને શબ્દો બોલવા, વાંચવા–લખવા જેવી રમત પણ મદદરૂપ થઈ શકે

છે.

- ગુજરાતી મૂળાક્ષરોના અક્ષરોને એક અક્ષરજાળનાં સ્વરૂપમાં પણ ઉપયોગ કરીને શબ્દો બનાવવાની રમત રમાડી શકાય. આ અક્ષરજાળમાં શીખેલ અક્ષર/માત્રાને પણ લઈ શકાય.
- પ્રવેશિકાના અંતે આપવામાં આવેલ ગુજરાતી મૂળાક્ષરોને શિક્ષાર્થી વાંચન–લેખન શીખતી વખતે ગમે ત્યારે જોઈ શકે છે, વાંચન–લેખનમાં તેનો ઉપયોગ કરી શકે છે.

શિક્ષાર્થીઓને શીખવતી વખતે ધ્યાનમાં રાખવાની થતી બાબતો

- **તમારા શિક્ષાર્થીને ઓળખવા** – આપણે આપણા શિક્ષાર્થી વિશે જાણીશું કે શું તેમને બિલકુલ વાંચન લેખન આવડતું જ નથી કે પહેલેથી થોડું વાંચન લેખન જાણે છે? તેઓ ફક્ત અક્ષર ઓળખ કરી શકે છે કે પછી ફક્ત પોતાનું નામ લખવાનું જ જાણે છે? એવું પણ હોઈ શકે કે તેઓ સંખ્યાજ્ઞાન ધરાવતા ન હોય પણ ગણિતના આંકડા અને ગણતરીની ઔપચારિક રીતોથી પરિચિત હોય. તેમના વિશે, તેમની પસંદ નાપસંદ, સુખ–દુઃખ, કુટુંબ, ચિંતા, સંઘર્ષ જેવી બાબતો પણ જાણીએ, જેથી જ્યારે આપણે શીખવા–શીખવવાની પ્રક્રિયા શરૂ કરીએ ત્યારે તેમના જીવનની ઘટનાઓને ધ્યાનમાં રાખીને વાતચીત કરી શકીએ. વાતચીત દરમિયાન તેમની હિંમત વધે અને પોતાને સમર્થ સમજે તે માટે પ્રોત્સાહિત કરવા. આપણી આત્મીયતા તેમના જીવનના ઘણા દુઃખદ પ્રસંગો પરથી તેમનું ધ્યાન હટાવી શકે છે. કોઈપણ શિક્ષાર્થીની માનહાનિ ન થાય તેમજ તેમની જાતિ, જ્ઞાતિ કે ધર્મ પર કોઈપણ પ્રકારની ટિપ્પણી ન થાય તે બાબતનું ખાસ ધ્યાન રાખવું.
- **તમારી શીખવા શીખવવાની કાર્યશૈલીને મનોરંજક બનાવવી** – તમારી આસપાસ એવી અનેક વસ્તુઓ ઉપલબ્ધ હશે જે એકમના શિક્ષણ વખતે ઉપયોગી બની શકે છે. આવી વસ્તુઓ જેવી કે છાપું, પત્રિકા, વીજળીનું બિલ, રેલ્વે ટિકિટ વગેરેનો યોગ્ય ઉપયોગ કરો.
- **શિક્ષાર્થીને પોતાની વાત રજૂ કરવાની તક આપવી** – તમે એકલા જ ન બોલો. શિક્ષાર્થીને ચર્ચા કરવા માટે તેમજ પોતાના વિચાર રજૂ કરવા માટે પૂરતો સમય આપો. આપણી ઇચ્છા શિક્ષાર્થીને ઘણી બધી જાણકારી આપવાની હોય છે પરંતુ એવું પણ બને કે તે પહેલેથી જ ઘણું જાણતા હોય, માટે આપણે તેમની જાણકારી અને અનુભવોનો લાભ લેવો જોઈએ. આવા સમયે આપણે તેમનો આભાર વ્યક્ત કરવાનો પણ ન ભૂલીએ.
- **પૂરક વાચન સામગ્રીનો ઉપયોગ કરવો – ઉલ્લાસ**ના દરેક પાઠને વાંચી તેની સાથે સંલગ્ન વિવિધ પ્રકારની રસપ્રદ અને સરળતાથી ઉપલબ્ધ હોય તેવી અર્થપૂર્ણ વાંચન સામગ્રી એકત્ર કરો. જેથી શિક્ષાર્થીઓને શીખવવામાં આવેલ પાઠ્યવસ્તુને સમજવાનું સરળ બનશે અને તેઓ તેનાથી જોડાયેલ રહેશે.

- **શિક્ષાર્થી પ્રત્યે સંવેદનશીલ અને હકારાત્મક દ્રષ્ટિકોણ રાખવો –** આપણે એવું ન સમજીએ કે આપણે ઉંમરમાં તેમનાથી નાના કે મોટા છીએ તો તેઓ આપણી વાતોને ગંભીરતાથી લેશે નહીં. તેઓ તમને ખૂબ જ આદર અને પ્રેમ આપશે કારણ કે આપણે તેમને વાચન–લેખન અને સંખ્યાજ્ઞાન શીખવામાં તેમની મદદ કરી રહ્યા છીએ. તમે ખૂબ જ સમજદાર, અનુભવી અને સંવેદનશીલ વ્યક્તિ છો. તમારે યાદ રાખવું જોઈએ કે તેમના કામકાજ, પોશાક, ઉચ્ચારણ તેમજ ઊઠવા–બેસવાની રીતભાત પર કોઈપણ નકારાત્મક વાત ન કરવી.

- **શિક્ષાર્થીઓની સગવડોનું ધ્યાન રાખવું –** શીખવા શીખવવાનો સમય, સ્થળ, અંતર વગેરે બાબતોનું નિર્ધારણ શિક્ષાર્થીને અનુકૂળ હોય તેવું જ રાખો. શિક્ષાર્થીઓ માટે બેસવાની વ્યવસ્થા કંઈક એવી રીતે રાખો કે તેઓ આરામથી બેસી શકે અને જ્યારે આપણે તેને અક્ષર અને શબ્દ વાંચીને બતાવીએ ત્યારે તે સરળતાથી જોઈ પણ શકે. બેઠક વ્યવસ્થા માટે ટેબલ ખુરશી જેવી વસ્તુઓની પહેલેથી જ વ્યવસ્થા કરી રાખવી જેથી મોટી ઉંમરના શિક્ષાર્થીઓને ગોઠણના દુ:ખાવા વગેરે જેવી સમસ્યા હોય તો તેઓ કલાક બે કલાક બેસવામાં કોઈ મુશ્કેલી ન અનુભવે.

- **મૂળભૂત જરૂરિયાતોની વ્યવસ્થા કરવી –** જે સ્થળ પર આપણે શિક્ષાર્થીઓને શીખવી રહ્યા છીએ ત્યાં પીવાના પાણીની વ્યવસ્થા તેમજ જરૂરી અજવાળું પણ હોવું જોઈએ.

- **શિક્ષાર્થીઓના અનુભવ અને કૌશલ્યોનું સન્માન કરવું –** આપણા શિક્ષાર્થીને પોતાના જીવનનો ખૂબ જ વિશાળ અનુભવ છે. વાંચન–લેખન શીખવામાં તેમના અનુભવનો ખૂબ જ લાભ મેળવવામાં આવે તો તમારા માટે વાંચન–લેખન શીખવવાનું ખૂબ જ સરળ થઈ જશે. આપણા શિક્ષાર્થી કાર્યકુશળ વ્યક્તિઓ છે. તેઓ જુદા જુદા પ્રકારનાં કૌશલ્યો જાણે છે. તેમના કાર્યકૌશલ્યનો ઉપયોગ શબ્દભંડોળ, ગણિતના કૌશલ્ય અને વાચન–લેખન શીખવવામાં યોગ્ય રીતે કરી શકાય છે. વાચન–લેખનના સંદર્ભમાં તમારી સમજ વધારે છે જ્યારે કામકાજ અને જીવનના અનુભવોની વાત કરીએ તો તેમની સમજ ઊંડાણપૂર્વકની હોય છે. તમારી પાસે અપેક્ષા છે કે તમે તેઓનું આદરપૂર્વક સંબોધન કરો. તેમની ઉંમર અને અનુભવોને પૂરતું સન્માન આપો.

- **શિક્ષાર્થીના શીખવાની પ્રક્રિયાને સમજવી –** એવું પણ બની શકે છે કે તમે તેઓને આજે જે શીખવ્યું છે તે બે ત્રણ દિવસ પછી તેઓ ભૂલી જાય. આ ખૂબ જ સ્વાભાવિક બાબત છે. આથી અગાઉ શીખવેલું છે તેનું પુનરાવર્તન કરવા માટે પ્રોત્સાહન આપવું જરૂરી બનશે. એ વાતનું વિશેષ ધ્યાન રાખો કે દરેક શિક્ષાર્થીની શીખવાની ગતિ અને પદ્ધતિ અલગ હશે તો તે અનુસાર જ તેમને શીખવવામાં મદદ કરો. શીખવા અને પરિવર્તન લાવવામાં સમય લાગે છે એટલા માટે ધીરજ રાખો. કેન્દ્રના માહોલને રસપ્રદ બનાવવા માટે સમયાંતરે મનોરંજન, રમત તેમજ તહેવાર અનુસાર ગીત પણ ગાઓ. ગીતો, વાર્તાઓ અનુભવોનું વર્ણન વગેરે

દ્વારા આપણે શીખવા શીખવવાના વિષયવસ્તુઓની બાબતોને જોડી શકીએ છીએ. આમ કરવાથી શીખવાની પ્રક્રિયાને રસપ્રદ બનાવી શકાય છે. શીખવા માટે આનંદદાયી અને પ્રેરણારૂપ માહોલ બનાવવો જરૂરી છે.

ખૂબ ખૂબ શુભેચ્છાઓ...!

ડૉ. એ. કે. મોઢપટેલ

સંયોજક

રાજ્ય સાક્ષરતા કેન્દ્ર અને

નાયબ નિયામક અને પ્રોજેક્ટ ઓફિસર

જીસીઈઆરટી, ગાંધીનગર, ગુજરાત

પ્રવેશિકા નિર્માણ સમિતિ

પરામર્શન

દિનેશ પ્રસાદ સકલાની, ડાયરેક્ટર, નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ, નવી દિલ્હી

શ્રીધર શ્રીવાસ્તવ, સંયુક્ત નિયામક, નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ, નવી દિલ્હી

શ્રી પ્રકાશભાઈ કે. ત્રિવેદી, અધ્યક્ષ, રાજ્ય સાક્ષરતા કેન્દ્ર અને નિયામક, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

ડૉ. એ.કે. મોઢપટેલ, સંયોજક, રાજ્ય સાક્ષરતા કેન્દ્ર અને નાયબ નિયામક, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

સમીક્ષા સમિતિ

આયુષ્માન ગોસ્વામી, પ્રોફેસર અને અધ્યક્ષ, શિક્ષણ વિભાગ, પ્રાદેશિક શિક્ષણ સંસ્થાન, અજમેર, રાજસ્થાન

કંચન દેવરારી, અધિક નિયામક, SCERT, દેહરાદૂન, ઉત્તરાખંડ

ચાંદકિરણ સલુજા, નિયામક, સંસ્કૃત સંવર્ધન પ્રતિષ્ઠાન, નવી દિલ્હી

પ્રશાંત પાંડે, સહાયક નિયામક, SCERT, રાયપુર છત્તીસગઢ

સંજીવ કુમાર, ભૂતપૂર્વ આચાર્ય, DIET, આર. ના. પુરમ, નવી દિલ્હી

સત્યવીર સિંહ, આચાર્ય, સરકારી આંતર કોલેજ, બાગપત, ઉત્તર પ્રદેશ

ઉષા શર્મા, પ્રોફેસર અને ઈન્ચાર્જ, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર–સેલ, NCERT, નવી દિલ્હી

ડૉ. હિરેન પંડ્યા, પ્રોગ્રામ ઓફિસર, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

રશ્મિકાબેન મોદી, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

ડી.આર.પટેલ, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

નિર્માણ સમિતિ

અમન ગુપ્તા, પરામર્શક, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર–સેલ, NCERT, નવી દિલ્હી

અક્ષય કુમાર દીક્ષિત, માર્ગદર્શક શિક્ષક, શિક્ષણ નિયામક, દિલ્હી

કૃત પ્રસાદ, આચાર્ય, મધ્ય વિદ્યાલય, ગૌઢાપુર, ચંડી, નાલંદા, બિહાર

જુબૈર કુરૈશી, પૂર્વ નિયામક, રાજ્ય સંસાધન કેન્દ્ર, જામિયા મિલ્લિયા ઇસ્લામિયા, નવી દિલ્હી

નિશાત ફારૂક, પૂર્વ નિયામક, રાજ્ય સંસાધન કેન્દ્ર, જામિયા મિલ્લિયા ઇસ્લામિયા, નવી દિલ્હી

મંજુલા માથુર, નિવૃત પ્રાધ્યાપક, સી.આઇ.ઇ.ટી., એનસીઇઆરટી, નવી દિલ્હી

યાસમીન અશરફ, સિનિયર પરામર્શક, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર–સેલ, NCERT, નવી દિલ્હી

વર્ષા સિંધલ, કનિષ્ઠ પરિયોજના અધ્યેતા, પ્રારંભિક શિક્ષા વિભાગ, એનસીઇઆરટી, નવી દિલ્હી

શિવા શ્રીવાસ્તવ, પરામર્શક, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર–સેલ, NCERT, નવી દિલ્હી

સત્યવીર સિંહ, આચાર્ય, શ્રી નહેરુ ઇન્ટર કોલેજ, પિલાના, બાગપત, ઉત્તર પ્રદેશ

સુમન સિંહ, આચાર્ય, મધ્ય વિદ્યાલય, છપરા, બિહાર

સોનાલી, જુનિયર પ્રોજેક્ટ ફેલો, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર–સેલ, NCERT, નવી દિલ્હી

નિલેશ ચાપાનેરી, સિનિયર લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી.

રીના પુરોહિત, ટેકનીશીયન, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

રશ્મિકાબેન મોદી, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

સંયોજક સભ્ય

ઉષા શર્મા, પ્રોફેસર અને ઈન્ચાર્જ, નેશનલ લિટરસી સેન્ટર–સેલ, NCERT, નવી દિલ્હી

ડૉ. યોગિતા દેશમુખ, કો–ઓર્ડીનેટર, રાજ્ય સાક્ષરતા કેન્દ્ર, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

અનુવાદ સમિતિ

નિલેશ ચાપાનેરી, સિનિયર લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી.

રીના પુરોહિત, ટેકનીશીયન, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

રસુલ જે. એરંડીયા, સી.આર.સી. કૉ. ઓર્ડિનેટર, નાના વડાળા, જામનગર

ધર્મેશ પી. સેલારકા, સી.આર.સી. કૉ. ઓર્ડિનેટર, નાના કોટડા, જૂનાગઢ

અમિત સી. દલસાણિયા, મુખ્ય શિક્ષક, કન્યા શાળા બાબરા, અમરેલી

અંકિત વી. ભટ્ટ, મ.શિ., રૂપાવટી પ્રાથમિક શાળા, જૂનાગઢ

ગ્રાફિક્સ અને ડિઝાઇન

નિલેશ ચાપાનેરી, સિનિયર લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી.

રીના પુરોહિત, ટેકનીશીયન, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

રસુલ જે. એરંડીયા, સી.આર.સી. કૉ. ઓર્ડિનેટર, નાના વડાળા, જામનગર

ધર્મેશ પી. સેલારકા, સી.આર.સી. કૉ. ઓર્ડિનેટર, નાના કોટડા, જૂનાગઢ

અમિત સી. દલસાણિયા, મુખ્ય શિક્ષક, કન્યા શાળા બાબરા, અમરેલી

અંકિત વી. ભટ્ટ, મ.શિ., રૂપાવટી પ્રાથમિક શાળા, જૂનાગઢ

આભાર

રાજ્ય સાક્ષરતા કેન્દ્ર–ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરને ઉલ્લાસ પ્રવેશિકા પ્રકાશન માટે સંમતિ આપવા બદલ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ન્યુ દિલ્હીનો આભાર વ્યકત કરે છે. જેમના માર્ગદર્શન હેઠળ આ સામગ્રી વિકસાવવામાં આવી છે. એનસીઇઆરટીના રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્રના પ્રભારી ઉષા શર્મા–પ્રોફેસર, એનસીઇઆરટીનો આભાર વ્યક્ત કરે છે. રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્રના ફેકલ્ટી ડૉ. બાની બોરા–વરિષ્ઠ સલાહકાર, રોહિત નૈનવાલ–સલાહકાર, શીવા શ્રીવાસ્તવ –સલાહકાર, સોનાલી–જુ. પ્રોજેકટ ફેલોના આભારી છે .

ઉલ્લાસ પ્રવેશિકા નિર્માણ માટેના વિવિધ તબક્કા જેમ કે એન.સી.ઇ.આર.ટી. દ્વારા યોજાયેલ કાર્યશાળાઓ તેમજ જી.સી.ઇ.આર.ટી. દ્વારા યોજાયેલ નિર્માણ અને સમીક્ષા અંતર્ગત યોજાયેલ કાર્યશાળાઓના લેખકો, સમીક્ષકો અને ટેકનીકલ સહાય પૂરી પાડનાર સૌનો આભાર માનીએ છીએ. જેમના સહયોગથી આ કાર્ય પૂર્ણ કરવામાં સફળતા મળી છે.

રાજ્ય સાક્ષરતા કેન્દ્ર,
જીસીઇઆરટી, ગાંધીનગર
ગુજરાત

અનુક્રમણિકા

આમુખ

પ્રસ્તાવના

સ્વયંસેવી શિક્ષકો માટેની વાત

પ્રવેશિકા નિર્માણ સમિતિ

આભાર

1. પરિવાર અને પડોશ 2–17
   - અ, આ, ન, પ, સ, ર, વ
   - ૧ થી ૧૦ સુધીની સંખ્યાઓ ઓળખવી, વાચવી અને લખવી
2. વાતચીત 18–37
   - ઇ, ઈ, બ, ત, મ, ખ, ટ, ચ
   - ૨૧ થી ૫૦ સુધીની સંખ્યાઓ ઓળખવી, વાચવી અને લખવી
   - ૫૦ સુધીની સંખ્યાઓના સરવાળા, બાદબાકી
   - એકમ અને દશકના સમૂહમાં ગણતરી
3. આપણી રહેણીકરણી 38–59
   - ઓ, ઔ, ઝ, દ, લ, ગ, ક, ય
   - ૫૧ થી ૧૦૦૦ સુધીની સંખ્યાઓ ઓળખવી, વાચવી–લખવી
   - એકમ અને દશક અને સો ના સમૂહમાં ગણતરી (સ્થાન કિંમત)
   - બે અંકની સંખ્યાઓના સરવાળા, બાદબાકી
   - એક અંકની સંખ્યાઓના ગુણાકાર
   - ૧૦૦–૧૦૦ ના સમૂહમાં ગણતરી

4. આપણી આસપાસ 60–75

- એ, જ, ભ, ડ, શ, ષ, અનુસ્વાર, અનુનાસિક
- ત્રણ અંકોવાળી સંખ્યાના સરવાળા, બાદબાકી
- લંબાઇ, વજન અને ગુંજાશનું માપન કરવું
- બે અંકોવાળી સંખ્યાઓનો એક અંકવાળી સંખ્યા સાથે ગુણાકાર
- ભાગની સમજ મેળવવી

5. આહાર અને સ્વાસ્થ્ય 66–89


- ઉ, ઊ, હ, છ, થ, ફ, ઠ
- સમય જોવો (કલાક, મિનિટ, સેકંડ)
- સમયના એકમોને પરસ્પર બદલવા
- ડિઝિટલ અંકોને ઓળખવા અને લખવા


6. મતદાન 90–101

- ક્ષ, ઘ, ધ, ઢ
- સમય માપનનો ઉપયોગ કરવો (૧૨ અને ૨૪ કલાકવાળી ઘડીયાલ)
- કેલેન્ડર, સમયપત્રક અને રેલ ટિકીટ પર આપેલી સૂચનાઓ સમજવી

7. કાયદાની જાણકારી 102–111

- ત્ર, શ્ર, ણ, ઋ, જ્ઞ
- કાયદા સાથે સંબંધિત શબ્દોને સમજવી અને વાંચવા
- બેંક સંબંધી ફોર્મ વાંચવા, સમજવા અને ભરવા (ચેક, જમા પાવતી, રોકડ ઉપાડ પાવતી)
- સાયબર સુરક્ષા વિશે જાણવું


સામુહિક આરોગ્ય કેન્દ્ર
મુસ્કાન બ્યુટિક
આરિફ ફૂટવેર
શુભ
લાભ
શુભ
લાભ
3
4
7



વાતચીત માટે

૧. આ ચિત્ર કયાંનું છે? ૨. કોણ શું શું કરી રહ્યું છે? ૩. કરિયાણાની દુકાને શું શું મળે છે?
૪. આ ચિત્રમાં કુલ કેટલા બાળકો છે? ૫. ચિત્રમાં ''૪'' કયાં લખેલું છે?
૬. ચિત્રમાં કુલ કેટલા ખાટલા છે?

1

પરિવાર અને પડોશ


A5L7U5

આપણે શીખીશું

અ	આ	ન	પ	સ	ર	વ

- ૧ થી ૨૦ સુધીની સંખ્યાઓની ઓળખ, વાચન અને લેખન


ચિત્ર પરથી અનુમાન કરીને વાંચો.




દુકાન



પરિવાર



દરવાજો




રસોઈઘર

- વાંચો અને લખો.











અરીસો

આમલી














નળ

નારિયેળ





શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને એક પછી એક ચિત્રોની ઓળખ કરાવો. ચિત્રની નીચે લખેલ શબ્દ પર આંગળી રાખીને વંચાવો અને મૂળાક્ષર લખાવો. મૂળાક્ષર 'અ' અને 'આ' ના ધ્વનિમાં તથા 'અ' અને 'આ' ના આકારમાં રહેલા તફાવતને સમજાવો. આ પ્રમાણે બાકીના મૂળાક્ષરોને વંચાવો અને લખાવો.

પ



પા




પપૈયું

પાલક

પ

પા

સ



સા

૭

સમોસા

સાત

સ

સા

ર



રમકડું

રા



રાખડી

વ



વન

વા



વાજંત્ર


- જુઓ અને લખો.

નાના	કાલ	ગાજર
માન	રાત	માણસ
પાસ	જાન	ભારત
તાપ	ચાર	ચાદર
ધાન	ધામ	દાડમ

- શબ્દોને ઓળખી તેની ફરતે ગોળ કરો.

ના	ના	ચા	કા	ગા
મા	ન	દ	જ	લ
ધા	જા	ર	ક	રા
મ	ન	ભા	ર	ત
દા	ડ	મ	તા	પ

- ચિત્ર જોઈને ખાલી જગ્યા ભરો.



ક.....ટ



દા.....મ



મા.....સ

શિક્ષક માટેની સૂચના: સ્વયંસેવી શિક્ષક શીખવાડેલા અક્ષરોને બોર્ડ પર લખે અને શિક્ષાર્થીઓને શબ્દો બનાવવાનું કહો. બધા સાથે મળી શબ્દો બનાવો. શિક્ષાર્થીઓને અક્ષર લખવા પ્રેરિત કરો. લખેલા શબ્દોને વારાફરતી વાંચવાનું કહો.

- ગણો અને અને અંક ઓળખો.




૧

એક હોડી




૨

બે ઝાંઝર



૩

ત્રણ વેલણ



૪


ચાર કેરી



૫


પાંચ ઘર

- ગણો અને અંક ઓળખો.




૬

છ સારસ




૭

સાત માટલા



૮

આઠ નળ



૯


નવ દાડમ

શિક્ષક માટેની સૂચનાઃ શિક્ષાર્થી ચિત્રમાં આપેલ વસ્તુઓને ગણે તેમજ તે અંકને ઓળખે તે માટેના પ્રયત્ન કરો. શિક્ષાર્થીઓને તેની આસપાસની વસ્તુઓ ગણવાની તક આપો. જેમ કે-ઓરડામાં કેટલી વ્યક્તિઓ છે?

- જુઓ, ગણો અને સંખ્યા લખો.

૧	૧	૬	૬
૨	૨	૭	૭
૩	૩	૮	૮
૪	૪	૯	૯
૫	૫	0	○

- નીચે આપેલા મોબાઈલના ચિત્રમાંથી ખાલીજગ્યામાં સાચો અંક લખો.



શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થી પહેલાં ટપકાંવાળા અંકોને જોડે અને પછી જાતે બોલે અને લખે તેવો પ્રયત્ન કરો. જે શિક્ષાર્થીઓને વધારે મહાવરાની જરુર હોય તેને વારંવાર તેમ કરવાની તક આપો. શિક્ષાર્થી મોબાઈલ પર આપેલ અંકની પેટર્નને ઓળખે અને તેના આધારે અંક (0 થી ૯) લખે તેવો પ્રયત્ન કરો.

- રામુનો પરિવાર બળદગાડામાં જઈ રહ્યો છે. જુઓ, ગણો અને લખો.




- બળદગાડામાં કુલ કેટલી વ્યક્તિઓ છે? ☐
- બળદગાડામાં કુલ કેટલા પુરુષ છે? ☐
- બળદગાડામાં કુલ કેટલી સ્ત્રીઓ છે? ☐
- ટોપલીમાં કેટલા તરબૂચ છે? ☐
- બળદગાડાને કેટલાં પૈડાં છે? ☐
- બળદગાડામાં કેટલાં ફાનસ છે? ☐

- ખાલી જગ્યામાં સંખ્યા લખીને ક્રમ પૂરો કરો.


૧		3	૪		૬			૯

શિક્ષક માટેની સૂચનાઃ શિક્ષાર્થીઓને વસ્તુઓ ગણીને સાચો અંક લખવાનો મહાવરો કરાવવો. અંક વાંચવામા અને લખવામાં શિક્ષાર્થીઓને મદદ કરો.


- આવો મળીને ગણીએ.




દસ નળ ૧૦




અગિયાર પલંગ ૧૧




બાર પાંદડા ૧૨




તેર કબાટ ૧૩




ચૌદ પતંગ ૧૪




પંદર રાખડી ૧૫




સોળ નાળિયેર ૧૬




સત્તર દાડમ ૧૭



અઢાર માછલી ૧૮



ઓગણીસ મોતી ૧૯



વીસ દીવાસળી ૨૦

- ખાલી જગ્યામાં સંખ્યા લખીને ક્રમ પૂરો કરો.

૧૦		૧૨		૧૪	૧૫		૧૭			૨૦

શિક્ષક માટેની સૂચનાઃ શિક્ષાર્થીઓને વસ્તુઓ ગણીને સાચો અંક લખવાનો મહાવરો કરાવવો. અંક વાંચવામા અને લખવામાં શિક્ષાર્થીઓને મદદ કરો. તમે ઈચ્છો તો આસપાસની વસ્તુઓની ગણતરી પણ કરાવી શકો.

અભ્યાસ-કાર્ય

1. આપેલા અક્ષરોની ઓળખ કરી તેના ફરતે ગોળ કરો.

ન - નળ વાહન

સ - સવાર બસ

રા - રાત હીરા

પા - પાલક પાણી

2. વાંચો અને લખો.

પા પ રમા રે ગા


3. ચિત્ર જોઈને ખાલી જગ્યા પૂરો.



.....પૈયું



.....ળ




.....મોસું

4. શબ્દોને ઓળખી તેની ફરતે વર્તુળ કરો.

ના	ના	ચા	કા	ગા
મા	ન	દ	જ	લ
ધા	જા	ર	ક	રા
મ	ન	ભા	ર	ત
દા	ડ	મ	તા	પ

5. ગણો અને સંખ્યા લખો.



.....


.....

.....

6. ખાલી જગ્યામાં સંખ્યા લખીને ક્રમ પુરો કરો.


૧		૩	૪					૯


7. ગણો અને લખો.



8. ખાલી જગ્યામાં સંખ્યા લખીને ક્રમ પૂરો કરો.

૧૦		૧૨		૧૪	૧૫		૧૭			૨૦


પોસ્ટ ઓફિસ



વાતચીત માટે

(૧) આપણી વાતને બીજા સુધી પહોંચાડવા માટે આ ચિત્રમાં કઈ કઈ રીતનો ઉપયોગ થઈ રહ્યો છે? (૨) શું તમે ક્યારેય પોસ્ટ ઑફિસ ગયા છો? (૩) તમે પોસ્ટ ઑફિસ ક્યા-ક્યા કામ માટે જાઓ છો? (૪) સૂચનાઓ કઈ-કઈ રીતે મળે છે? (૫) મોબાઈલનો ઉપયોગ વાતચીત કરવા સિવાય બીજા ક્યા-ક્યા કામ માટે

2

વાતચીત

T5H9T9

આપણે શીખીશું

ઇ	ઈ	બ	ત	મ	ખ	ટ	ચ

- ૨૧ થી ૫૦ સુધીની સંખ્યાઓની ઓળખ, વાંચન અને લેખન.
- ૧ થી ૫૦ સુધીની સંખ્યાઓના સરવાળા અને બાદબાકી
- એકમ અને દશક ગણવા

- **ચિત્ર પરથી અનુમાન કરીને વાંચો.**



વર્તમાનપત્ર



ટપાલપેટી



વાતચીત



મોબાઇલ

- વાંચો અને લખો.

ઇ



ઇજનેર

ઈ



ઈડલી

બ



બસ

બા



બાજરી

બિ




બિલાડી

બી



બીટ





ત





તલવાર

તા



તાળું





શિક્ષક માટેની સૂચના: ચિત્ર જોઇને શિક્ષાર્થીને શબ્દ વાંચવામાં મદદ કરો. એમની પાસે અક્ષર લખવો. આપેલ જગ્યામાં ચિત્રનું નામ લખવો.

ત



તિરંગો

ત



તીર

ત


ત

મ



મચ્છર

મા



માલગાડી

મ

મા







મિજાગરો





મીઠું









ખલ





ખાટલો





ખિ



ખી



ખિસકોલી

ખીલી

ટ



ટા



ટપાલી

ટાઈ

ટિ




ટિફિન

ટી



ટી.વી.

ચ




ચરખો

ચા



ચામાચીડિયું









ચિત્તો ચીપિયો

ચિ ચી

- ચિત્ર જોઇને ખાલી જગ્યા ભરો.



__કાન



__કુ



__મેટું




__કલી


શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીને અક્ષર ઓળખવાના તેમજ તેનાથી બનતા શબ્દો ઓળખીને લખાવવાના પ્રયત્નો કરાવવા.

- **વાક્યોને સાથે મળીને વાંચો.**


- માલગાડી પર સામાન જઈ રહ્યો છે
- રાણી રસી લેવાં જઈ રહી છે.
- મુનમુન મીઠાઈ ખાઈ રહી છે.
- મીનાએ પિતાને ચિઠ્ઠી લખી છે.
- બસમાં ઘણાબધા લોકો છે.


- **ચિત્રોના નામ લખો.**





....





....

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીને શબ્દો વાંચવામાં મદદ કરવી. અક્ષર ઓળખવા તેમજ તે અક્ષર આવતા શબ્દોને ઓળખવામાં અને નાના–નાના વાક્યો લખવા માટે શિક્ષાર્થીઓને પ્રયત્નો કરાવવા.

- પાયલના કુટુંબમાં ૫ વ્યક્તિઓ છે. આજે તેના ઘરે બીજી ૪ વ્યક્તિઓ આવી છે, તો હવે પાયલના ઘરમાં કુલ કેટલી વ્યક્તિઓ હશે?

 અને  મળીને  થાય.

૫ વ્યક્તિ	અને	૪ વ્યક્તિ મળીને થાય	૯ વ્યક્તિ
૫	+	૪ વ્યક્તિ મળીને થાય	૯
૫	+	૪ =	૯

૫ + ૪ = ૯ અથવા ૫
+ ૪
= ૯

- **સરવાળા કરો.**

૧૩	૧૫	૧૨	૭ + ૨ =	☐
+ ૨	+ ૩	+ ૪	૧૩ + ૪ =	☐


- ટપાલીએ પહેલા દિવસે ૮ પોસ્ટકાર્ડ વહેચ્યાં. બીજા દિવસે તેણે ૩ પોસ્ટકાર્ડ વહેંચ્યાં, તો ટપાલીએ બે દિવસમાં કુલ કેટલાં પોસ્ટકાર્ડ વહેચ્યાં?




જવાબ: .....

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને સરવાળા અને બાદબાકીની નિશાની અને ગાણિતીક પ્રક્રિયા કરવાનો વધુમાં વધુ સમય આપો. ગણિતમાં (+) એ સરવાળાની નિશાની છે અને (−) એ બાદબાકીની નિશાની છે, તેમજ (=) એ બરાબરની નિશાની છે.


- ૯ કમ્પ્યૂટરમાંથી ૨ કમ્પ્યૂટર ખરાબ થઇ ગયાં છે, તો હવે કેટલાં કમ્પ્યૂટર ચાલુ હાલતમાં હશે?



કમ્પ્યૂટરમાંથી



કમ્પ્યૂટર ખરાબ થયાં



ચાલુ હાલતમાં રહેલાં કમ્પ્યૂટર

૯ કમ્પ્યૂટરમાંથી – ૨ કમ્પ્યૂટર ખરાબ થયાં = ૭ ચાલુ હાલતમાં રહેલાં કમ્પ્યૂટર

૯ – ૨ = ૭ વધ્યાં

૯ – ૨ = ૭

૯ – ૨ = ૭

શિક્ષક માટેની સૂચના: જીવનમાં રોજબરોજ એવી ઘટના બને છે કે જયાં બે અંકોનો સરવાળો કરવાનો થાય છે. જુદાજુદા અંકોનો સરવાળો કરી શકે તે માટે શિક્ષાર્થીઓને પ્રોત્સાહિત કરો. તેવી જ રીતે, નાના નાના અંકોનો (૯ સુધીના અંકો) નો ઉપયોગ કરીને બાદબાકી કરવા શિક્ષાર્થીઓને કહો.

- બાદબાકી


૯	૬	૮	૭	−	૩	=	
−૩	− ૨	− ૪	૫	−	૨	=	
___	____	___					
___	____	___					

- જાવેદ પાસે ૨૦ રૂપિયા છે. તેમાંથી તેણે ૧૫ રૂપિયાનાં ફળ ખરીદ્યા. હવે તેમની પાસે કેટલા રૂપિયા બચે?


જવાબ: .....


•આવો, ઉમેરીને ગણતરી કરીએ

મીઠાઈના એક ડબ્બામાં ૧૦ લાડુ છે. જુઓ, સમજો અને લખો

૨૦ + ૧ =  = ૨૧

૨૦ + ૨=  = ૨૨

૨૦ + ૩ =  = ૨૩

૨૦ + ૪ =  = ૨૪

૨૦ + ૫ =  = ૨૫

૨૦ + ૬ =  = ૨૬

૨૦ + ૭ =  = ૨૭

૨૦ + ૮ =  = ૨૮

૨૦ + ૯ =  = ૨૯





૨૦ + ૧૦ =  = ૩૦

શિક્ષક માટેની સૂચના: આવી જ રીતે આગળની સંખ્યાઓ લખવામાં શિક્ષાર્થીઓને મદદ કરો.

૩૦	+	૧	=	૩૧
૩૦	+	૨	=	૩૨
૩૦	+	૩	=	૩૩
૩૦	+	૪	=	૩૪
૩૦	+	૫	=	૩૫
૩૦	+	૬	=	૩૬
૩૦	+	૭	=	૩૭
૩૦	+	૮	=	૩૮
૩૦	+	૯	=	૩૯
૩૦	+	૧૦	=	૪૦

૪૦	+	૧	=	૪૧
૪૦	+	૨	=	૪૨
૪૦	+	૩	=	૪૩
૪૦	+	૪	=	૪૪
૪૦	+	૫	=	૪૫
૪૦	+	૬	=	૪૬
૪૦	+	૭	=	૪૭
૪૦	+	૮	=	૪૮
૪૦	+	૯	=	૪૯
૪૦	+	૧૦	=	૫૦

- દિવાસળીનાં એક બોક્ષમાં ૧૦ સળી છે. સળીની સંખ્યા બોક્ષમાં લખો.

		☐ + ☐
		☐ + ☐

•નીચે આપેલ ૧૦ રૂપિયાની નોટ અને ૧ રૂપિયાના સિક્કા વડે કુલ કેટલા રૂપિયા બને છે, તેનું અનુમાન કરો અને જવાબ લખો.

	૧૦ રૂપિયાની નોટ		૧ રૂપિયાના સિક્કા		કુલ રૂપિયા
ક		+		=	૩૪
ખ		+		=	

- સરવાળા કરો.

૪૦	૩૦	૪૦	૨૫	૩૨
+ ૫	+ ૭	+ ૧૦	+ ૧૨	+૧૫

૨૭ + ૧૨ = ...

૩૨ + ૧૧ = ...

૨૨ + ૧૪ = ...

૧૫ + ૨૫ = ...

- બાદબાકી કરો.

૪૮	૩૬	૪૨	૪૯	૩૭
− ૩૨	− ૧૩	− ૨૧	− ૧૯	− ૧૫

૩૯ + ૨૩ = ... ૪૫ + ૩૧ = ...

૨૯ + ૧૨ = ... ૩૭ + ૧૫ = ...

- તમારી પાસે ૧૦ રૂપિયા અને ૧ રૂપિયા ની કેટલીક નોટ અને સિક્કા છે. દુકાનદારને તમે વસ્તુની કીમત કેવી રીતે ચૂકવશો? સિક્કા અને નોટોની સંખ્યા ખાલી જગ્યામાં લાખો.

વસ્તુ	કિમત	૧૦ની નોટ/સિક્કા	૧ની નોટ/સિક્કા
ટમેટું	₹૫૦		
બરફી	₹૪૨		
મગ	₹૨૯		
કેળા	₹૧૫		

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને જણાવો કે દસ દસના જૂથમાં ગણત્રી કરવાથી ગણત્રી સરળ થશે. દસના એકમ મળીને દસક બને છે એ સમજ વિકાસિત કરવી.

અભ્યાસકાર્ય


૧. આપેલ અક્ષરની ઓળખ કરો અને તેના પર O વર્તુળ કરો.

ઈ	–	ઇંટ	આઈ
ટ	–	ખાટ	મટર
તી	–	તીખો	પીતી

૨. આપેલ શબ્દો લખો.



૩. ચિત્રો જોઇને ખાલી જગ્યા ભરો.







ચર..... પ.....ગિયું ત.....લા ક.....ટ

૪. આપેલ ચિત્રનું નામ લખો.






....

૫. સરવાળો કરો.

૧૩	૩૬	૨૦	૨૭	૩૨
+ ૩૨	+ ૪	+ ૧૫	+ ૧૨	+ ૧૧

૬. બાદબાકી કરો.

૯	૮	૩૬	૪૫	૩૭
− ૩	− ૪	− ૧૨	− ૨૧	− ૧૫

૭. ઉમેરીને ગણત્રી કરો.



= .....


૭. ખાલી જગ્યા પૂરો.

૩૦ + ૫ = ... ૪૦ + ૫ = ...

૪૦ + ૨ = ... ૪૦ + ૧૦ = ...


૯. સિક્કા અને નોટોની સંખ્યા ખાલી જગ્યામાં લાખો.

કિમત	૧૦ની નોટ/સિક્કા	૧ની નોટ/સિક્કા
₹૪૨		
₹૨૯		



વાતચીત માટે

(1) આ ચિત્રમાં શું શું દેખાય છે? (2) ચિત્રમાં કોણ શું કરી રહ્યું છે? (3) ચિત્રમાં જોવા મળતું આપણી આસપાસ શું શું છે? (4) ચિત્રમાં કુલ કેટલી દુકાન છે?


બ્યુટી પાર્લર
દવાખાનું
વૈદ્ય
અન્ના ઢોસા
અસલી દયાળ બેન્ડ

3

આપણી રહેણીકરણી

D7M5J8

આપણે શીખીશું

ઓ	ઔ	ઝ	દ	લ	ગ	ક	ય

- ૫૧ થી ૧૦૦૦ સુધીની સંખ્યાઓની ઓળખ, વાચન અને લેખન
- એકમ, દશક અને સોની સ્થાનકિંમત
- બે અંક સુધીની સંખ્યાઓના સરવાળા અને બાદબાકી
- એક અંકની સંખ્યાઓનો ગુણાકાર
- ૧૦૦–૧૦૦ ના સમુહની ગણતરી

- **ચિત્ર પરથી અનુમાન કરીને વાંચો.**




જાન



ચકડોળ




વાદ્ય



છૂંદણાં

• વાંચો અને લખો.

ઓ



ઓજાર

ઔ



ઔષધ

ઝ




ઝઘડો

ઝા



ઝાડ

ઝિ



ઝિપ

ઝી




ઝીલ

ઝિ

ઝી

દ



દરવાજો

દા




દાતણ

દ

દા

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને એક પછી એક ચિત્રોની ઓળખ કરાવો. ચિત્રની નીચે લખેલા શબ્દોને આંગળી રાખીને વંચાવો અને તેનો અક્ષર લખાવો.

દિ



દિશાઓ

દી



દીવો

દિ

દી

દૌ



દૌલત

દૌ


ય



યજ્ઞ


ય

લ



લસણ

લા



લાઠી

લિ



લિટરનું માપિયું

લી



લીંપણ

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને એક પછી એક ચિત્રોની ઓળખ કરાવો. ચિત્રની નીચે લખેલા શબ્દોને આંગળી રાખીને વંચાવો અને તેનો અક્ષર લખાવો.

લુ




લુહાર

લો




લોટ

ગ




ગધેડો

ગા



ગાય

ગિ



ગિટાર

ગી



ગીત

ગિ


ગી

ગો



ગોટલો

ગૌ



ગૌશાળા

ગો

ગી

ક




કરચલો

કા



કારખાનું

કિ



કિલ્લો


કી



કીડી

- **શબ્દો શોધો અને લખો**

કમલે આજે ખાવાની ઘણી વસ્તુ બનાવી છે. તેમાંથી ખાવાની વસ્તુનાં નામ ઓળખી તેના પર વર્તુળ (○) કરો.



પનીર	ડુંગળી	આંબલી	ટામેટા	કટોરી	ચરખો	કઠોળ
થાળી	ગ્લાસ	ચટણી	પાલક	દાળ	ભાત	બરણી
રોટલી	તપેલી	ઓરસિયો	સાદડી	રાયતું	મીઠું	પાણી
જગ	વેલણ	તવો	બોટલ	ઘંટી	ખીર	માટલી

- **હવે ખાવાની આ વસ્તુઓનાં નામ લખો.**

• વાંચો અને લખો.

- સાહિલે માળા બનાવી.

- છાપામાં સમાચાર આવ્યા છે.

- વરસાદ વરસી રહ્યો છે.

- માલા ખેતરમાં કામ કરી રહી છે.

શિક્ષક માટેની સૂચના: શબ્દ વાંચવામાં શિક્ષાર્થીઓને મદદ કરો. વાક્ય વાંચવામાં અને જોઇને લખવા માટે શિક્ષાર્થીઓને પ્રોત્સાહિત કરો.

ફૂલોની માળા

ફૂલોની માળા બનાવવામાં રાજુ પોતાની માતાને મદદ કરી રહ્યો હતો. તે એક એક કરીને ફૂલ પોતાની માતાને આપતો ગયો અને સંખ્યા બોલતો ગયો. ૧૦ ફૂલોની એક માળા એટલે કે દરેક માળામાં ૧૦ ફૂલ. રાજુ ફૂલ આપતો ગયો અને માળા બનતી ગઈ. આવો સમજીએ કે કેટલાં ફૂલો પછી એક માળા તૈયાર થાય છે.

૫૦ + ૧ = ૫૧	પાંચ દશક 	+	એક એકમ 	=	૫૧ એકાવન
૫૦ + ૨ = ૫૨	પાંચ દશક 	+	બે એકમ 	=	૫૨ બાવન
